નવલ નૌત્તમ નાટકનાં ગાયનો. ૭૨૬૪

વાંકાનેર વિદ્યાવર્ધક નાટક મંડળીને માટે
રચી પ્રસિદ્ધ કરનાર.

પોપટલાલ માધવજી ઠક્કર.
રાજકોટ નિવાસી.

આવૃત્તિ પહેલી.

ધી રાજનગર ટાઈપ ફાઉંડરી પ્રેસ—અમદાવાદ.

ઈ. સ. ૧૮૯૯ સંવત ૧૯૫૫

કીંમત બે આના.

નવલ નૌત્તમ નાટકનાં
ગાયનો.

વાંકાનેર વિદ્યાવર્ધક નાટક મંડળીને માટે
રચી પ્રસિદ્ધ કરનાર.
પોપટલાલ માધવજી ઠક્કર.
રાજકોટ નિવાસી.

આવૃત્તિ પહેલી.

ધી રાજનગર ટાઈપ ફાઉંડરી પ્રેસ—અમદાવાદ.

ઈ. સ. ૧૮૯૯ સંવત ૧૯૫૫

કીંમત બે આના.

કંપનીના આશ્રયદાતા નેકનામદાર કુમારશ્રી મંગળસીંહજીને અર્પણ પત્રિકા.

છંદ ૨૬ હરીગીત.

ગ્રાહક સદા ગુણવાનના ચાહક ચતુર નરના અતી
દાહક દુરીજનના સદા સાહક સુજનના ભૂપતી
શુભ ગુણ સદન પ્રફુલિત વદન મળ રહિત મન સાથે મતી
મહિમા થકી મહી અલંકૃત કરી મંગળસીંહ મહીપતી.
તમ ટેકને ચાતક વખાણે ધારી નિજ ઉરમાં રતી
હરદમ વખાણે હંસ નીરખી નયન વીવેકી ગતી
ગણિ ગુણ અગુણ નિત ન્યાય આપો સત્ય ચિત ધારી વ્રતી
મહિમા થકી મહી અલંકૃત કરી મંગળસીંહ મહીપતી.
વડ ભાત ભાજન ભવ્યતાનું ભાવસિંહ હર વીપતી
નિજ ધીર વિરતાથી પ્રસારી દીગંતે દ્રઢ કીરતી
અરપું ઉમંગે સ્વિકારો મમ અલ્પ મતિ કેરી કૃતી
મહિમા થકી મહી અલંકૃત કરી મંગળસીંહ મહીપતી.

અર્પણ કરનાર
શુકલ ભાઇશંકર વેલજી,
દેરાશ્રી રાજારામ શીવશંકર
વાં. વિ. વ. ના. કં. મેનેજર.

નવલ નૌત્તમ નાટકનો ટુંક સાર.

અંક પહેલો

(સર્વ પાત્રો પ્રભુ પ્રાર્થના કરેછે.)

પહેલા પ્રવેશમાં—સુરાવતી નગરીનો નૃપતિ સુરસિંહ શિકારીઓ સહીત શિકાર કરવા અરણ્યમાં આવેછે, ત્યાં તેના નાના ભાઇ કેશરીસિંહના હાથથી એક સિંહને ગોળી વાગતાં સિંહમાંથી જોગી પ્રગટ થાયછે. તેથી કેશરીસિંહ વિસ્મયતા પામી તે જોગીને તેની હકીકત પુછેછે, જોગી તેના વૃતાંતમાં એવી બિના જાહેર કરેછે કે ગુરૂની હાંસી કરતાં આ દશા પ્રાપ્ત થઇ. બાદ કેશરીસિંહના હાથથી શ્રાપ મુક્ત થયો ધારી તેના ઉપકારના બદલામાં એક પ્રતાપી પુત્ર આપનારૂં ચમત્કારી ફળ આપી અદ્રસ્ય થઇ જાયછે. તે ફળ કેશરીસિંહ તથા નેક પ્રધાન બુદ્ધિવંત સુરસિંહજીને આપવા વિચાર કરેછે. એટલામાં સુરસિંહનો નિચ હજુરી ભીમજી, પોતાની સ્ત્રી કડવીના પાસમાં રાજાને સપડાવી વજીર પદવી પામેલો, પોતાની સ્ત્રી તે ફળ જમે તો ઠીક એવી આશાથી, રાજાને ઉંધુંચીતું સમજાવી તે ફળની કેશરીસિંહ પાસે માગણી કરેછે. જેથી તેને આપેછે. સર્વ આનંદ માનતા નગ્રમાં જાયછે.

બીજા પ્રવેશમાં—સુરસિંહ નવી રાણી સુંદરબાને પરણ્યા ત્યારે સુરાવતીમાં રહેનાર જેહા પટેલને ત્યાં પોંખાણા હતા. તે જેહા પટેલ હાલ પાસેના ગોલીયા નામના ગામડામાં રહેવા ગયેલોછે, તે સુરા-

વતીમાં અનાજના ગાડાં ભરી વેચવા આવેછે તેને ભીમજીના હુકમથી પોલીસો વેઠે લઇ જવા પજવેછે, ત્યાં રાજનો નિમકહલાલ ગઢવી આવી સુંદરબાના સીગરામ વેઠે અપાવી પટેલને છોડાવે છે. પાછળથી જોગીનું આપેલું ફળ કડવીને હાથ જશે એવા વિચારમાં વિંટાયેલો બુદ્ધિવંત પ્રધાન પ્રવેશ કરેછે. ત્યાં કેશરીસિંહ આવેછે. એટલામાં ગઢવી આવી એ ફળ કડવી જમશે એવા ખબર આપેછે, જેથી સુરસિંહને દારૂમાં તથા નાચરંગમાં બે ભાન કરી તે ફળ બદલાવી લેવું એમ વિચાર કરી સૌ કચેરીમાં જાયછે.

ત્રીજા પ્રવેશમાં—બુદ્ધિવંતને હરેક વાતમાં ખટ્ટ પાડી ભીમજી મુછ મરડતો બેસેછે. ત્યાં કેશરી તથા ગઢવી આવી. ખેડુ ઉપર થતો જુલમ જાહેર કરેછે. તેને પણ ભર કચેરીમાં અપમાન કરી ભીમજી ભોંઠા પાડેછે. અને સુરસિંહ ભીમજી ભણે તે ખરૂં. એમ ઉચરે જાયછે. બુદ્ધિવંતની બનાવટથી નાયિકા આવેછે. અને પ્યાલી શરૂ થાયછે. તથા નાચરંગ થાયછે. ત્યાં પાસેના ઓરડામાંથી ફળ લાવવા બુદ્ધિવંતને કહેછે, જેથી બુદ્ધિવંત તે ફળને બદલે બનાવટી ફળ આપેછે. તે લઇ ભીમજી તથા સુરસિંહ પડતા આખડતા કડવી પાસે ચાલ્યા જાયછે. પાછળથી કેશરી, ગઢવી, તથા પ્રધાન, તે ફળ સુંદરબાને ખવરાવવાનો તથા દારૂની બેભાનીમાં સુરસિંહને તેને મહેલે લઇ જવાનો વિચાર કરેછે, એટલામાં નેહનચના નૃપતિ નરસિંહજી તરફથી પત્ર આવેછે, જેમાં મારે ત્યાંથી ચાર માસ પહેલાં રાત લઇ નાશી આવેલ ભયંકર કૃત્ય કરનાર ભીમજીને રજા આપશો. એવી બિના મિત્ર ભાવે લખેલ હતી. આ પત્ર રાજાને વંચાવવા વિચાર કરી સર્વ રાજ્યના એપમાં મચ્યા રહેછે.

ચોથા પ્રવેશમાં—ભીમજી તથા સુરસિંહની સચારી કડવી, રાજ્યમાં જોર જામવાથી ખુશી થાયછે. ત્યાં સુરસિંહ તથા ભીમજી આવેછે, પરસ્પર પ્યારની વાતો કરી ભીમજીના મુખથી કડવીને મા બેન કહેરાવે છે. અને જોગી તરફથી મળેલું ફળ કડવીને આપી સુરસિંહ જવાની રજા માગેછે. ત્યાં ભીમજી નવી રાણી વિષે શંક વાળી વાત કરી પકકે પાયે નથી, માટે પછી કહીશ એમ કહી રાજાને વહેમમાં નાંખેછે. રાજા જાયછે. પાછળથી નરસિંહજીના રાજ્યમાં કડવીને મરચાંના તોબરા ચડાવેલા અને ભીમજીને મીઠાના પાણી વાળા ચાબુકના માર પડેલા તે યાદ લાવી પરસ્પર મશ્કરી કરેછે.

પાંચમા પ્રવેશમાં—સુંદરબા તથા જુની રાણી મોંઘીબા—સુશિલા આદી સર્વ દાસીઓ સાથે શિયળ શૃંગારનો રાસડો ગાયછે. બાદ રાજા પરવસ થયેલા છે વિગેરે વિપત્તિની વાતોમાં વિંટાય છે. ત્યાં બુદ્ધિવંત તથા કેશરી આવી જોગી તરફથી મળેલ ફળ આપી રાજાજીને દારૂની એબાનીમાં કડવીને બહાને આજે તમારે ત્યાં લાવશું માટે હુશીઆર રહેજો. તથા રાજ્યમાં કોઇનો વિશ્વાસ કરશો નહીં વિગેરે ભલામણ કરી જાયછે. અને સુંદરબા તથા મોંઘીબા ફળ ખાવા સંબંધી પરસ્પર વિવેક કરી છેવટ મોંઘીબા તથા સુશિલાના આગ્રહથી સુંદરબા ખાયછે. અને કડવી રાજા પાસે વિરૂદ્ધ ન બોલે એટલા માટે તેને ભેટ દાખલ એક હાર તથા બોલાવી લાવવા નમ્રતાની એક ચીઠી લખી સુશિલાને મોકલે છે.

છઠા પ્રવેશમાં—ભીમજી અને કડવી આનંદમાં બેઠાંછે. ત્યાં નવી રાણી સુંદરબાની મોકલેલી ચીઠી લઇ સુશિલા આવેછે. અને ચીઠી આપી મુખથી પણ નવી રાણી પાસે આવવા કહી જાયછે. કડવી ચીઠી

વાંચી સર્વ હકીકત પુરૂષપર લાગુ પડશે. એવી કુંચી શોધી કાઢેછે. એટલામાં ત્યાં રાજા આવેછે. તેને નવી રાણીને મહિના રહ્યા એવી વાત કરી સાથે કેશરીસિંહનું નામ આપી વેહેમમાં નાખેછે. જેથી રાજા તપાસ માટે જાયછે પાછળથી જુલમી જોડું ખુશી થાયછે.

સાતમા પ્રવેશમાં—કેશરીસિંહ તથા બુદ્ધિવંત રાજ્યનું શું થશે આવા વિચારમાં ગુંથાયા છે. બાદ બુદ્ધિવંતના પ્રયત્નથી કેશરી નિદ્રાવશ થાયછે. પાછળથી ગઢવી આવેછે. તેને ત્યાં રહેવાનું કહી બુદ્ધિવંત જાયછે. એવામાં રાજા આવી ગઢવીને ધમકાવી રજા આપેછે. અને કેશરી કલંકિત હશે કે નહીં એવા વિચારમાં પડેછે, દરમ્યાનમાં પાછળથી બારીમાંથી ભીમજી પ્રવેશ કરીને સુતેલા કેશરીસિંહના ખીસ્સામાં ચીઠી મુકી ચાલ્યો જાયછે. અને ફરી બીજી તરફથી આવી રાજાને તપાસ કરવા કહેછે. તપાસ કરતાં ચીઠી હાથ આવેછે સુરસિંહ નવી રાણીના દસ્કત ઓળખી જમાદારને બોલાવી કેશરીસિંહને ગરદન મારવા હુકમ કરેછે.

આઠમા પ્રવેશમાં—બુદ્ધિવંત તથા તેની સ્ત્રી સુરતી રાજ્યના હીત સંબંધી વાતો કરેછે એટલામાં ગઢવી ઉતાવળથી આવી કેશરી-સિંહપર વિતેલી તમામ બિના જાહેર કરેછે. જેથી ગઢવી તથા બુદ્ધિવંત માયા, પૈસા, માલ મીલકત, અને પ્રાણ જતાં સુધી કેશરીસિંહને છોડાવાનકી કરી જ્યાં જમાદાર ગરદન મારવા લઇ ગયાછે ત્યાં જાયછે.

નવમા પ્રવેશમાં—ચંડાલો પોતાના અન્નદાતાને નહીં મારવા વિષે અરસપરસ વાતો કરેછે. પણ નહીં મારવાથી ભયંકર પરીણામ આવશે જેથી લાચાર બની મારવા તૈયાર થાયછે. ત્યાં ગઢવી તથા બુદ્ધિવંત આવી તેને લાલચ આપી કેશરીસિંહને છોડાવે છે. ચંડાલ

તથા જમાદાર સીપાઇ સહીત ચાલ્યા જાયછે. પાછળથી બુદ્ધિવંત કેશરીસિંહને એક હજાર સોનામહોર આપી થોડા દીવસ બહાર ગુજારવા સૂચવે છે. ત્રણે પરસ્પર વિનય કરી નિરાશ પણે જુદા પડેછે.

અંક બીજો.

પહેલા પ્રવેશમાં—નેહનગ્રમાં નરસિંહજીની કચેરીમાં પેલો હિમાલય નિવાસી જોગી આવેછે. તે નરસિંહજીની સવા માસ થયાં જન્મેલી ધવલબાનાં ભવિ[illegible] જોઇ તે કુંવરીના પતિના હાથથી નરસિંહજીનું મૃત્યુ કહેછે. જેથી સહુ દરબારીઓ ક્રોધ કરેછે. એટલે તે વાત સાચી ન માને તો થોડા દીવસમાં કોઇનું સારૂં કરતાં દ્રોહી ઠરીશ એમ કહી જોગી જતો રહેછે. પાછળથી સુરાવતી મોકલેલો જાસુસ સુરસિંહના હાથનો પત્ર લાવેછે. તેમાં તારો મને ડર નથી. અને તારા કહેવાથી ભીમજીને રજા નહીં આપું. આ હકીકત વાંચતાં નરસિંહજી પોતાના મિત્રની વર્તણુક માટે અફસોસ કરી સુરસિંહ બાળમિત્ર હોવાથી જો ભીમજીની સોબત લાંબી મુદત રહેશે તો રાજ્ય આફતમાં આવી પડશે, આમ ધારી ભીમજીને દુર કરવા સુરાવતિ તરફ થોડું લશ્કર લઇ જાયછે. અને નરસિંહજીનો પ્રધાન ધવલબાને અશુભ ભવિષ્ય વાળી ધારી ચંડાલ હાથે હણાવા મોકલી, ગોટા ચડવાથી મરી ગઇ એવી વાત ઉડાડે છે.

બીજા પ્રવેશમાં—રાણી સુંદરબા પોતાપર રાજાની મહેરબાની નથી, તેમજ કેશરીસિંહપર આવેલ આફતથી અને જોગી તરફથી મળેલ ફળના પ્રભાવથી શ્રીમંત રહ્યા છતાં તેર માસ થયાં છોરૂ અવતર્યું નહીં. આ દુઃખથી કંટાળી કાશીએ તીરથ કરવા જવા રાજા

પાસેથી રજા મંગાવવા દુશિલાને મોકલી હતી તેના જવાબ માટે રાહ જુએછે. એટલામાં દુશિલા આવી સુરસિંહના બોલેલા શબ્દ "કાશીએ જાઓ ચાહે ફ્રાંસીએ જાઓ" આમ ખબર આપેછે. ત્યાં બુદ્ધિવંત પણ આવી ખબર આપેછે કે બા મને તમારી સાથે કાશીજી આવવાનો હુકમ થયોછે. અને મોંઘીબાને ગઢવી સાથે પીયર જવાનો હુકમ થયો છે. માટે તૈયારી કરવા કહેછે.

ત્રીજા પ્રવેશમાં—હિમાલય નિવાસી જોગી પોતાના શિષ્યોને બોધ કરેછે. ત્યાં એક શિષ્ય ભિક્ષા લઇ આવેછે. તેમાં ભિક્ષાની જગ્યાએ લક્ષ્મી જોઇ કોણે આપી? વિગેરે પુછતાં સુંદરબાનું નામ આપેછે તેમજ તેના દુઃખનું નિવારણ કરવા ગુરૂને અરજ કરેછે. જેથી તેને બોલાવવા એક શિષ્યને મોકલે છે અને સમાધિ ચડાવી જોતાં તેર માસ થવાનું કારણ કોઇ દુશ્મને કામણ કરેલું જણાયછે. જેથી સાથે આવેલા વિરજી તથા સુશિલાને પ્રપંચથી સારૂં થવાની આશાએ સુંદરબાને કુંવર જન્મ્યો, એવી ખોટી વધામણી ખાવા સુરાવતી તરફ મોકલે છે. ત્યાં ગોલિટાનો રહીશ હરહુર નામનો પસાયતો આવી સુરાવતિ ઉપર નરસિંહજી ચડી આવ્યાના ખબર આપેછે. જેથી બુદ્ધિવંત રથના સારથીને સુંદરબાની સંભાળ રાખવા કહી રાજ્યના રક્ષણાર્થે જાયછે.

ચોથા પ્રવેશમાં—સુશિલા તથા વીરજી કડવીની દાસી દુશિલાને આવતી જોઇ પ્રપંચથી બાઇને કુંવર જનમ્યો એવી અંદર અંદર વાતો કરવા લાગેછે. તે સાંભળી દુશિલા ઉતાવળી કડવીને કહેવા જાયછે. પાછળથી ગઢવી આવેછે, તે પણ સર્વ હકીકત જાણી કપટથી કડવીને મળી ગયો હોવાથી કુંવર જનમ્યો એ વાતને સજ્જડ કરવા જાયછે.

પાંચમા પ્રવેશમાં—ગોલિટામાં જેહા પટેલ ગોકળ આઠમને લીધે, પોતાના કુટુંબ સાથે આનંદ કરેછે. ત્યાં જોગીના આશ્રમમાં સુંદરબાને જોઇ આવેલો હરહુર પસાયતો સર્વ ખબર આપેછે. જેથી જેહા પટેલ સુંદરબાના કરેલા ઉપકાર યાદ કરી, દુશ્મન જંગલમાં આવી હાની પહોંચાડશે એવી શંકાથી પોતાના દિકરા ડોસાને તથા કચરાને જંગલમાં મોકલી સુંદરબાને ગોલિટામાં લઇ આવવા કહેછે.

છઠ્ઠા પ્રવેશમાં—કડવી, રાજ્યપર નરસિંહજી ચડી આવ્યો છે, તેથી અફસોસ કરેછે, ત્યાં કડવીના કહેવાથી કામણનો ઘડો કાઢી દુશિલા આવેછે, (આ વખતે જોગીના આશ્રમમાં સુંદરબાને કુંવર જન્મેછે) પાછળથી પૈસા લઇ કામણ કરનાર ગોરજી આવેછે, તે સ્ત્રીના સાહસિક પણાને ધિઃકારી ચાલ્યો જાયછે, એટલામાં ઉતાવળો ઉતાવળો ભીમજી આવી સુરસિંહ કેટલુંએક દ્રવ્ય લઇ આપણને પાછળ આવવા સુચવી કનકાવતી તરફ નાશી ગયા એમ કડવીને કહેછે. કડવી અને દુશિલા લેવાય તેટલા પૈસા લઇ ભીમજી સાથે નાશી જાયછે. ત્યાં નરસિંહજી આવી સહુ નાશી ગયાના ખબર સાંભળી, મિત્ર દ્રોહી ઠરવાથી જોગીના વાક્યો યાદ કરી સુરાવતિ બુદ્ધિવંતને, તથા નેહનગ્ર પોતાના પ્રધાનને સોંપી પોતે મિત્રધર્મ બજાવવા સુરસિંહની શોધમાં સન્યસ્ત લઇ ચાલી નીકળે છે.

સાતમા પ્રવેશમાં—જંગલમાં સુંદરબા જોગી જતા રહ્યા, તથા બુદ્ધિવંતને વધારે વખત લાગવાથી સારથીને શેહેર તરફ મોકલ્યો. હવે નાના બાળકને લઇ ક્યાં રહેવું વિગેરે વિચારમાં ગુંથાઇ અફસોસ કરેછે ત્યાં પેલા જેહા પટેલના છોકરા આવી ઓળખાણ આપી સુંદરબાને લઇ ગોલિટા તરફ ચાલી નિકળે છે. પાછળથી કનકાવતિનો રાજા કુંદનસિંહ

શિકારે નિકળેલો તેણે જોગી પાસેથી સાભળ્યું કે, આજે જંગલમાંથી તને અલભ્ય લાભ મળશે, તે શો લાભ હશે એવા વિચારમાં ત્યાં આવેછે. એવામાં એક જબરી બુમ સાંભળતાં વારે ચડવા વિચાર કરેછે, ત્યાં પાછળથી તેનોજ અશ્વપાલ આવી એક ભોજ પત્ર આપી કહેછે કે, આમાં લખેલા પ્રશ્નનો ઉત્તર આપનારને તારૂં રાજ્ય આપજે, એમ જોગીએ કહ્યુંછે. ત્યાં બીજી એક બુમ સાંભળવાથી સર્વ દોડી જાયછે.

આઠમા પ્રવેશમાં—અમીઝર વાવ પાસે, સુંદરબાને લુંટારાએ આંઘેરી લાધીછે, કચરાને મારી નાંખ્યોછે. અને ડોસો સુંદરબાના છોકરાને લઇ સુર્યના તાપના ભયથી ઉતાવળો ઉતાવળો ચાલતાં દુર નીકળી ગયોછે. ત્યાં કુંદનસિંહ છુપાઇને જુએછે. અને સુંદરબા તે લુંટારા પાસેથી ફરેબ કરી હથીઆર પડાવી એને મારેછે, અને બે નાશી જાયછે. જેથી કુંદનસિંહ પ્રગટ થઇ ધન્યવાદ આપી હકીકત પુછેછે. પણ પુછનાર શત્રુનો સાથી હશે એમ ધારી સુંદરબા બનાવટી જવાબ આપેછે, ત્યાં કોઇ છોકરૂં રડતું સંભળાય છે, તપાસ કરતાં એક ઝાડ સાથે લટકાવેલી ઝોળીમાં, બે માસ થયાં જન્મેલી બાળકી મળેછે, (ચંડાલને દયા આવવાથી જીવતી છોડી દીધેલી, નરસિંહજીની ધવલબા,) તેને લઈ સુંદરબાને જીભથી બેન કહી જોગીના કહેવા મુજબ અલભ્ય લાભ મળ્યો માની, સર્વ શેહેર તરફ જાયછે.

નવમા પ્રવેશમાં—કેશરીસિંહ રાજ્યમાં બનેલી બિના સાંભળી સુરસિંહની શોધ કરી અપકારના બદલામાં ઉપકાર કરવા વિચાર કરી ચાલ્યો જાયછે. પાછળથી તેજ જંગલમાં ભીમજી અને કડવી આવેછે. પૈસા ઉપાડવાથી થાકી ગયો એવું ભીમજીના મુખથી સાંભળી કડવી બોજો પોતાના પાસે રાખી ભીમજી તથા દુશિલાને આગળ ચાલવા

સુચવે છે, ત્યાં થાકને લીધે અને પગમાં કાંટો વાગવાથી પાછળ રહેલો સુરસિંહ આવેછે, તેને માથે કડવી સ્ત્રી ચરિત્રથી ઓઢણો ઉપડાવી ખુશી થતી ચાલી જાયછે.

દશમા પ્રવેશમાં—સુંદરબા ઇશ્વરની અકળકળા ઉપર વિચાર કરેછે, ત્યાં નૌત્તમબા [ધવલબા] આવી કેટલીએક બાળલીલા કરેછે, સુંદરબા તેને જોઇ પોતાનો પુત્ર યાદ આવવાથી અફસોસ કરેછે. કુંદનસિંહ આવી ધીરજ આપેછે, નૌત્તમબા સુંદરબા પાસેથી તેના પુત્રનું નામ જાણી નવલ નામપર પ્યાર બતાવેછે, પછી સર્વ મળી વિજ્યાદશમીના તહેવારને લીધે રાસડો ગાયછે.

અંક ત્રીજો.

પહેલા પ્રવેશમાં—ગોલિટામાં જેહો પટેલ તથા તેની સ્ત્રી નવલુભાને ખેતર જાવા ન દેવો એમ વાતો કરેછે, ત્યાં વાડેથી ડોસો તેની છોડી ગોમતી તથા નવલુભા આવેછે. ગોમતિ નવલુભા પ્રત્યે પ્યાર બતાવેછે. પછી હુતાશણીનું પરબ પાસે આવવાથી ડોસો કેટલીક આનાકાની સાથે નવલુભાને લઇ કનકાવતિમાં હટાણું કરવા જાયછે.

બીજા પ્રવેશમાં—કનકાવતિના રાજ્ય માર્ગમાં કુંદનસિંહના વારસદાર દંભસેન તથા ક્રુરસેન ભોજપત્રમાં લખેલા પ્રશ્નનો ઉત્તર આપનારને રાજ્ય મળશે એવો વિચાર કરેછે. ત્યાં નવો ભાઇબંધ ભીમજી આવી પોતાને દીવાન થવું અને કડવીને જનાનામાં દાખલ કરવી એવી આશાથી કુંદનસિંહને ઝેર આપી મારી નાંખવો એવું શીખવેછે. કેશરીસિંહ આ બધું સાંભળેછે. પણ લાચાર બની ચાલ્યો જાયછે.

ત્રીજા પ્રવેશમાં—ડોસો નવલુભાને ખાંધે બેસાડી નિકળેછે ત્યાં એક સ્વારના ઘોડાના પગતળે કોઇ સ્ત્રીને પોતાની બગલમાંનું બાળક ફેંકી દેતાં જુએછે. બાળક ચગદાઇ મરી જાયછે ને સ્વારને ખુની ઠરાવી સ્ત્રી ફરીયાદ કરવા જાયછે. સ્વારને નિર્દોષ ધારી કેશ ચાલતાં સુધી મુંગું થઇ જવા નવલુભા શીખવેછે. સ્વાર ઉપકાર માની ચાલ્યો જાયછે. બાદ થોડીવાર ડોસાની તથા નવલુભાની ગમ્મત થાયછે. આ બધી બિના કુંદનસિંહ પોતાના દીવાન આદી માણસો સહીત ગુપ્તરીતે જોતો હતો, તે પ્રગટ થઇ ડોસાને પુછેછે કે આ બાળક કોનોછે પણ ડોસો ભયને લીધે સાચી વાત છુપાવેછે. બાદ કુંદનસિંહ નવલુભાને પુછેછે કે તેં સ્વારને મુંગું રહેવા કેમ સુચવ્યું જેથી નવલુભા કહેછે કે એ બાળકને ફેંકી દેનાર સ્ત્રીના મુખથીજ સ્વારે હાક મારી હતી એમ કહેવરાવવા. બાલ્યાવસ્થામાં આવી વિચાર શક્તિ જોઇ કુંદનસિંહ નવલુભાને પ્યારભર પાસે રાખેછે અને દીવાનના કહેવાથી તેના ફોટોગ્રાફ લેવરાવે છે.

ચોથા પ્રવેશમાં—સ્વરૂપવાન છબી જોઇને તેમજ એ કોઇ રાજવીર છે એવું પોતાના પિતાના મુખથી સાંભળી મોહિત થયેલી નૌત્તમને તેની સખીઓ ચીડવે છે. જેથી નૌત્તમ અંદરથી રાજી પણ ઉપરથી રડવા લાગેછે. સુંદરબા આવી તેની સખીઓને ધમકાવે છે.

પાંચમા પ્રવેશમાં—રાજ્યના રસ્તામાં ગઢવી તથા સુશિલા સુંદરબાનો પતો ન મળવાથી અફસોસ કરેછે, ત્યાં નૌત્તમબા સખીઓ સાથે શંકર પૂજવા નિકળેછે. એટલામાં કેશરીસિંહ આવી અફસોસ કરેછે. ત્યાં નવલુભા તથા ડોસો કેટલાક માણસો સાથે શિકાર કરવા નિકળેછે. સહુ પોતપોતાના કાર્યપર ચાલ્યા જાયછે. પાછળથી આ બધી

બિના જોઇ ડોસાને ઓળખી સર્વનો પતો આંહી મળશે એમ ગઢવી તથા શુશિલા ધારેછે. કેશરીસિંહ પ્રગટ થઇ સુશિલાને સુરાત્રતિ તરફ પ્રધાનજીને ધીરજ આપવા મોકલેછે અને ગઢવીજીને સુરસિંહના દેદાર કરવા લઇ જાયછે.

છઠ્ઠા પ્રવેશમાં—કડવી તથા ભીમજી હવે જનાનામાં જોર જમાવશું, દિવાન થશું, કુરસેન રાજાને ઝેર દેશે વિગેરે વાતો કરેછે, ત્યાં ગઢવી તથા કેશરી જોગી વેશે છુપાઇ કડવીની સુરસિંહ પ્રત્યે લુગડાં ધોવરાવવા આદિ નિર્દય વર્તણુંક જુએછે. સુરસિંહ કડવીના પ્યારમાં મસ્તપણે સુઇ જાયછે. દંભસેન દારૂમાં ડોલતો આવી રાજ્યમાં બે ભાગ પડશે માટે કુરસેન રાજાને ઝેર દઇ અહીં આવે એટલે મારી નાખું આમ બોલેછે. તે સાંભળી ગઢવી કુંદનસિંહને બચાવવા કેશરીને સુરસિંહની સંભાળ રાખવા કહી જાયછે. ત્યાં કુરસેન આવેછે. બંને સરખા વિચારથી પરસ્પર કટાર ખાઇ મરણ પામેછે. ત્યાં કડવી ઉંઘમાંથી ઉઠી પોતાનાપર તહોમત આવશે એવા ભયથી સુતેલા સુરસિંહના હાથમાં કટાર આપી તેનાં કપડાંપર લોહી છાંટી રાડો પાડી હવાલદાર પાસે પકડાવે છે. કેશરીસિંહ પરાયા ઘરમાં પેસવાથી અને ખુની ઠરવાના ભયથી ઝાહેર થતો નથી.

સાતમા પ્રવેશમાં—સુંદરબા સારાં શુકન થવાથી સુવિચાર કરેછે. ત્યાં કુંદનસિંહ પોતાના પાણીમાં ઝેર બતાવનાર જોગી રૂપે ગઢવી સહિત પ્રવેશ કરેછે. અને તમારો પુત્ર નવલુભા તથા ડોસો અહીંજ છે. એવી વધામણી આપેછે. સુંદરબા મળવા અધીરી થાયછે જેથી દાસી સાથે ડોસા તથા નવલુભાને બોલાવી મા દીકરાનો મેળાપ કરાવેછે. ડોસો ગઢવીને ઓળખી ભેટેછે. અને તમે અહીં ક્યાંથી એવા

ખબર પુછેછે જેથી ગઢની સર્વ હકીકત જાહેર કરી બહાર જોગી રૂપે રહેનાર કેશરીસિંહ છે તેને બોલાવે છે. કેશરીસિંહ આવી સર્વને મળેછે અને સુરસિંહને પરેજ કરી લઈ ગયા એવી બિના જાહેર કરેછે. કુંદનસિંહ વિસ્મય થઈ સુરસિંહને બંધન મુક્ત કરી માન સાથે અંતઃપુરમાં બોલાવી સર્વને ભેટાડેછે. સુરસિંહ પશ્ચાતાપ કરેછે તેને શાંત પાડી નરસિંહજીનું મરણ શિકાર કરતાં અજાણપણામાં તમારા પુત્ર નવલના હાથથી થયું એમ કહેછે, જેથી સુરસિંહ વિચારમાં પડેછે. કે મારો પુત્ર નવલ કોણ એટલે સુંદરબા તેના હાથ દસ્કતની ચીઠી આપી શાંત કરેછે. સહુ કચેરીમાં જાયછે.

આઠમા પ્રવેશમાં—જોગી તરફથી મળેલા ભોજપત્રનું પ્રશ્ન જાહેર કરતાં સત્ય ઉત્તર આપનાર નવલસિંહને રાજ તેમજ બાળકી નૌત્તમબા આપી, સુરાવતિ કનકાવતી અને નેહનગ્રના નૃપતિ નવલસિંહની મુબારક બાદી માટે સર્વ ઇશ્વર સ્તુતી કરેછે.

નવલ નૌત્તમ નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

૧

સર્વપાત્રો—શ્રૃષ્ટિ કરનાર આનંદ ભરનાર પોકાર આ. (૬)
ઉરે ધારી વિકારી નઠારી; દુર બુધ્ધિ
અમારી વિદારી ૨ સારી. શ્રૃષ્ટિ.
આગમ નિગમ વિચારી, સારદ સહસાનન જાયે હારી;
પણ ન લેશ જાણે, નિજ મત પ્રમાણે તાણે;
કરતું સારૂં, હાં એ કૃતિના, અધિકારી. શ્રૃષ્ટિ.

૨

યોગી—ભજલે ભવ તારણ ભેદ બિના,
તુષારકે તાકેમેં તેરા—કયોં રહે ખેદ બિના. ભજ.
અંતક ચિડીઆં બનકે ચુગતી, આયુ ખેત અપાર;
ઘડી ઘડી પલ પલ કન ચુગ ચુગકે, સાફ કરે ઉજાર;
પંચ ભૂતસેં ભૂત મિલેંગે, યોંહી બનીહે ભેદ બિના. ભજ.

૩

કેશરીસિંહ—નમું પ્રાગરાજ જંગમ નમું પ્રાગરાજ રે,
રામ ભક્તિ સુરસરી સહ. નમું.
વિધિ વાત રવિતનયા પાપ હરણ પાજ રે,
બ્રહ્મ વાણી સરસ્વતિ સહ; શોભતિ મહારાજ રે. નમું.
સુલભ છો સરવ સ્થળે સાથ સજી સાજ રે,
હરિ હર કોવીદ વાણી; ઉચરે એક અવાજ રે. નમું.

૪

લશ્કરી—અલખ અજર અમર અનિહે અમિત આનંદ આપ્યો;
દિન પોકાર શ્રવણે ધારી; કઠણ કલેશ કાપ્યો. અલખ.

સુરસિંહ—વંધ્યત્વ ભાર શિર અપાર, શુકન લેતું ન કોઇ સવાર;
હું ગમાર પરથી હરી, ઉમંગ ધરી કરૂણા કરી;
નિજ જનોમાં સ્થાપ્યો.

લશ્કરી—..અલખ.

૫

કેશરી
બુદ્ધિવંત } વિષધર અહિ ધર કરમાં ત્રિશુલ ધર,
અરજી અમ ઉરમાં ધર તું હર;
દુષ્ટ અધમ નર તણું પરીબળ હર. વિષધર.
વર નર તણે ઉર દયાળુ મુદભર,
શ્રુતિ સેતુ પર વિચરતા જેહ નર;
તેહ તણી નિરખી નીતિ અભય કર. વિષધર.
હરી ઘર વસી ધસે શિયાળ થઇ નિડર,
અમ નરવર ભાનું થકી રાહુ દૂર કર;
એહ નીતિ એક તજી અનેક ધરતા કર. વિષધર.

૬

દરબારી—રાજને રાજે અતિ સચી પતિ સમ,
સકળ મેદની માંહી અનુપમ;
નીતિથી ભીતિથી ક્ષીતિને જીતીને,
પ્રીતિથી પાળીને શ્રુતિની રીતિને;
ખળ ઉર પુર ભય ભરી, હરી તુર શૂર દૂર કરી;
વિધુ સૂર ઉજવલ તાપમાં, જશ પ્રતાપથી દિસે છે કમ. રાજે.

૭

ગઢવી—વિધી હરી હરકે સંગમેં, સાવિત્રી લાછી ઉમા;
વહાંતક અંગ ઉમંગમેં, ચિરંજીવ સુરસિંહજી.

૮

બિઝન—સખી કાહે ન આયો સાંવરીઓ, (૨)
ભય ભર ભુવનમેં રેન ગુજારી મેં તો હારી. ન આયો.
તલફ તલફ હારી જેસે મીન બિન વારી. ન આયો.
સુનિ સુનિ સેજ મેં લોટત રહીમેં બિચારી. ન આયો.
નયનો કે નિરસેં ભિંજ ગઇ મોરી સારી. ન આયો.

૯

કેશર—ભવ્ય ભાગ્યનું ભાજન થઈ હું વાહજી વાહ,
રંગે રમણી ગાજન થઇ હું વાહજી વાહ;
માગણ મટીને માજન થઇ હું વાહજી વાહ,
સંપીતિ ને સાજન થઇ હું વાહજી વાહ;
હામ હરીને કામણ કીધાં, દામ લઇને ડામણ દીધાં;
પ્રીત જમાવા જામણ પીધાં, જામી ગઇ હું વાહજી વાહ.
મોટા કહેશે માજી માજી, હરદમ કહેશે હાજી હાજી;
તનથી તાજી હૃદયે રાજી, થઇ ગયું વાહજી વાહ.

૧૦

સુરસિંહ—કોકીલશાં વેણ હરીણીશાં નેણ ઓપતી અણિ,
રતિથી નમણી ઘણી ગતિ કરીણી તણી. કોકીલશાં.
ફણિ ધર સમ વેણી ધરનારી, ગુલાબી કાંતિ કાય તણી;
કંચુકીથી કસિ કનક કળશ કુચ, ધરિયું અનુપ રૂપ શકે કો
ગણી.—કોકીલશાં.

૧૧

કેશર—વારી વારી વ્હાલા તુજ કરણીમાં,
ઘણી નહીં મળે જોતાં ધરણીમાં;
રઢીઆળા રાય થકી અધિક રૂપાળો,
મુર્તિ નિરખી થાય મનસિજ કાળો;
પુરી રહેજે પ્રીત રીત પરણીમાં. ઘણી નહીં.

ભીમજી—હલામણ હીરલો ને સોન રાડીયાણી,
જેઠવા જોગીની જોડી માલી મકવાણી;
અમર થશું એ અનુસરણીમાં,

કેશર..................................ઘણી નહીં.
શરીરે શૃંગાર સજી અભાવેથી ભૂપ ભજી,
વશ કરી હરી વિત ચીત પછી દેશું તજી;
તરી જાશું બેસી વિત તરણીમાં. ઘણી નહીં.

ભીમજી—બગડે શું બાઇ કહેતાં બદલે ન બાઈડી,
હથેવાળો હાથે મેળવ્યો જેમ વપુ છાંયડી;
મોયું મમ મન મનોહરણીમાં,

કેશર..................................ઘણી નહીં.

૧૨

સુંદરબા—પાળો પતિવ્રત પૂર્ણ પ્યાર ધારી, રીધિ સિધિ સંપતિ
પામો રે;
શિયળ શૃંગાર સજી શોભતાં શરીરે, સુખ પામો દુઃખ વામો રે. પા.
પરદારા દીપક પરે પાપી પુરૂષ પતંગ,
સુન્દર શરીર સળગાવતા આખર આશા ભંગ,

દોટ દઇ દૂર રહી તજી તેનો સંગ,
ભજી નિજ પતિ સજી અંગમાં ઉમંગ;
અનેક શુન્ય જેમ પ્રથમ એક અંક હીણુ,
અવયવ અનુપ સર્વ તેમ નાક વિણુ;
કરી અતિ દ્રઢ વૃતિ સજી સતિ પણુ તેહ બચાવો રે,
ધરી તન મન વચને ટેક ગોતિત ગુણુ ગાઓ રે;
ભોગવતિ અનુસુયા સાવિત્રી ચિત્રાને ચિતે ધરી મન મુદ્દે ભરી,
પંથ પરવરો એ પૂર્ણુ પ્યાર ધારી રે મન મેલ દૂરે કરી ઉર હાની હરી.

૧૩

બુદ્ધિવંત—રાક્ષસી છે રાજ તણી રીતિ, વેગે વિચારો વાત–ટેક.
રામ તજી રાજ રઝળ્યા જઇ રાને
વપુ વલકલ ધરી મુદ્રા કાને;
કુડાં કામ કરનારી કૈકેયે આચરી અનીતિ. રાક્ષસી.
પાંડવ પૂર્ણ પીડા શિર ધારી,
વન વસિયા સહ દ્રૌપદી નારી,
પરીજને વેરી વિશેષણુ ગ્રહવા, પરધારી પ્રીતિ. રાક્ષસી.
નળરાય કેરી જે કહાણી કહેવાણી,
રાજ લોભે વકતા વદે વાણી;
ચેતી ચાલજો ચતુર ચિત્તમાં, વડાઓને વીતિ. રાક્ષસી.

૧૪

સુંદરબા—સાગરજા સ્વામી સંકટ સરવ હરજો,
હરી દુર મતિ કરી રૂડી મતિ રાજાજીની;
કીર્તિ કલિત કરજો. સાગરજા.

ભરી ભય અતિ કરી દુર ગતિ પાણીની;
અરજી આ ઉરે ધરજો. સાગરજા.
ગજ ગણિકા અને વિદુર ભાજીની;
વાલે અનુસરજો. સાગરજા.

૧૫

કેશર—આનંદભર નરપાલને વશ કરીએ વ્હાલા,
ભીમજી—પ્યારી મારી પીએ પ્રીતેથી પ્રેમ તણા પ્યાલા,
કેશર—ભરથાર તું હૈયાહાર તું,
ભીમજી..............................મમનાર તું સરદાર તું.
કેશર...આનંદભર.
હળી મળીને મહીપતિનું મનડું હરશું,
ભીમજી—ફક્કડ થઇ અવનિમાં અક્કડ ફરશું;
કેશર—ફરશું વિત્તથી સંદુક ભરશું,
ભીમજી—વ્હાલી દુઃખનો દરિયો તરશું
કેશર...આનંદભર.

૧૬

કેશર—કરમાં કુંચી આવી અંગે આનંદ આજ;
વેરીને આળ આપી ઓલાવું ઉર દાઝ.—કરમાં.
હાની હરવા માન મળવા, ઘડીએ ઘડીએ ઘાટ ઘડતી;
આવતો નહીં ફાવતો કોઇ ફંદ આજે થઇછે ચડતી. વેરીને.
નૃપતિ નમશે શૂળ સમશે, પાણી પાશે રાણી રાજા;
કારશું નહીં ધારશું તેહ કાર્ય કરશું મેલી માજા. વેરીને.

૧૭

સુરસિંહ—ચિત્ત ચકડોળે મારૂં ચડયું, બળતરાને એકડે નાવ થઇ
નડયું. ચિત્ત.
વિતર્કના વાયુ વેગે વહે, સદ્ સુધીર નહીં થીર રહે.
હારી બાજી હવે હાથ રહે નહીં, પૂરણ જોર છે પાણી તણું. ચિત્ત.

૧૮

ભીમજી—ધાડ ધડનારી ધરણી છે ઘણાઘણા રંગ,
ઠાઠ ઠરાવ્યો ઠીક જાગ્યો જંગ જંગ જંગ;
કેશર—દુશ્મન દળવા મોટાઇ મળવા રૂપિયા રળવા, કર્યું કામ
ભીમજી.....................................વાહ વાહ.
લળી લળી લાગું પાય પછી પ્યારી, વારી બલિહારી હું જાઉં (૨)
કેશર—એક વાર મરવું, દિલ શીદ ડરવું; ધાર્યું કામ કરવું
ભીમજી............................વાલી વાહ વાહ વાહ.

૧૯

બુદ્ધિવંત-વિધુહરી વિચરે નભરાને, પુરવ ગિરિ ગુફાનો નિવાસી
ઉન્મત હસ્તિ, તિમીર વિદાની; મોતિ ઉડુ વેરે નભરાને. પુરવ.
નિશિ નિજ નારી, શરીર સજાવા; ધરે ધીર વિર વાત ધ્યાને. પુરવ.
અનુપમ આકૃતિ, કલિત કરણુ તું, રૂડી મતિ દે રાજાને. પુરવ.

૨૦

કેશરીસિંહ—આતા ભુલ કાં કરો છો ભોળા બટથી ભમાઇ;
ભલાને કાં ભય ભરો છો. (હાં)—આ તા
વડીલ વિચારો વાત એ, બગ ડોળીને ખાય,
શિકાર પામે સહેલથી જેમ જેમ જળ ડોળાય;
લાય ઉર કાં ધરો છો. ભોળા.

ધાતુની સોબત થકી આગ હથોડા ખાય;
એમ નીચની સોબતે, નિત્ય નવી હાની થાય;
લાય ઉર કાં ધરોછે. ભોળા.

૨૧

સુરસિંહ—જા જા ક્રુર કરમ કરણ તું જા,
જનનીથી જારી કરતાં ડર તેં અલ્પ પણ નહીં ઉર ધરીયો.—જા જા.
ભારથી તુજ જનુની મારી તરણી તારી તેં ન તારી;
જા જા દુર દુરાચારી.— જા જા.

૨૨

બુદ્ધિવંત—તજ તજ તું વહાલી વ્હેમ સમરીને શ્રી હરી.
° ચિંતા અળગી કરી નટવરનો એવો નેમ,
ભિડ ભકતોની હરી મુદ મનમાં દે ભરી.
નાથ કેરૂં નામ રૂડું તરણી તેની કરી,
ચિંતાબ્ધી જા તરી ભરપુર ભાવ સદાયે,
ભવપતિનો ઉરે ભરી નહીં દિલમાં જા ડરી.

૨૩

સુરતિ—ધીરવિર ધીર ધરી ધાઓ, તજી વિલંબ વાલા;
મહદ કાર્ય કરવા ભવ તરવા સિધાવો. ધીરવિર.
જપ તપ શમ દમ વિરામ વૃતે, અવસર નહીં આવે આવો;
મુનિ મન દુર્લભ સુલભ તમને, ઇશ અનુગ્રહ જાઓ. ધીરવિર.
બુદ્ધિવંત-ગુણી ગણ ગુણ ગણિ ગાથે ગાશે, લઉ લાખેણો લાવો
એક વખત મરવું શીદ ડરવું,
સુરતિ..................ભવપતિ મન અતિ ભાવો. ધીરવિર.

૨૪

કેશરી—ગમી તુજને આવી વાત શી ભાવી. (૩) ટેક.

નિશીપતિથી શી નિર્દયતાથી, અનળની વૃષ્ટિ થવાની અહાશી.

' ગમી તુજને.

સુધા સરીખા શ્રેષ્ટ પદાર્થે, મૃત્યુક કૃતિ સમાવી અહાશી.

ગમી તુજને.

૨૫

કેશરી—ધરી ધ્યાનેં આ પોકાર હરી કાળો કલંક ભાર,

ભ્રાતની ભ્રાંતિ કાપ સત્યને વિજ્ય તું આપ;

અંતરયામી જગ બાપ આ આખરનો આલાપ.

૨૬

કેશરી—ધન્ય ધન્ય ધીર ઉભયની આજે મમ મનમાં ધારૂં,

શૂરવિર સુજનમાં નિરમળ મનથી મૃત્યુ હર્યું મારૂં.

બુદ્ધિવંત } નહીં નહીં નૃપતિ વડાઇ આપો સેવક કૃત્ય કર્યું,
ગઢવી } પાણી પય પદ લહે પ્રથમ તે બળે એગ્ર પદ ધર્યું.

કેશરી—એ સમજે તે શાણો કહેવાણો મુજ વચ જાણો પરમાણો

એ સમજે.

બુદ્ધિવંત } જ્યાં સુધી ગયનું મન વળગ્યું નહીં નીચ જનથી
કીધું અળગું,
ગઢવી } ત્યાં સુધી દાણો જે ખવાણો હરામ કીધોછે જાણો;

કેશરી..એ સમજે.

અંક બીજો.

૨૭

વારાંગના—વાહ શી જોડ સારી બિહારી કુંજ નારી ધારી રાધે;
લલચાવે મનોહારી બિહારી કુંજ નારી ધારી રાધે.
કામ સંગ નારી રતિ વારી હજારી,
તન પરે ધારી વિચારી શી સાડી સારી શોભે;
પચરંગી રૂડી, નિરખી નયન ધન ધન મન માને;
જોવાને રસનાને નયનોનાં. બિહારી કુંજ.

૨૮

યોગી—નરહરી બનો વિજયી, વાયુ ભૂમિ નભ તેજ આબ,
જબતક હે તબતક લે આનંદ. નરહરી.
રવિ શશિ ઉડુગણ બિચરત નભમેં;
સુરપત સોચ સુરપુર;
કોલ કુરમ અહીપતિ મહી શિર ધર;
આનંદ સહ નિજ ઉર. જબતક હે.

૨૯

દરબારી—વિરધરો વેગે ઉર વિચરણ વાત (૨)
ભીમજીને ભય ભરી સુરસિંહને છુટો કરી;
આવિયે તો થાયે ચિત્ત શાંત-શાંત-શાંત. વિરધરો.
ભામનિના ભડવાને, પ્રીત ચિત્ત પડવાને;
થઇ ભલે હણો હવે ભ્રાત-ભ્રાત-ભ્રાત. વિરધરો.
હણો હાથે મારો માથે, સહુ શૂરવિર સાથે;
રહી કરો કુડાં કેરી ઘાત-ઘાત-ઘાત. વિરધરો.

૩૦

સુંદરબા—વારે વ્રજવાશી રે આવો અરજી ઉરમાં ધારી,
દુઃખણી આ દાસીરે હવે તો હાનીથી હરી હારી;
તવાયું તિક્ષણ તાપે તનડું તનય ઉદર તેર માસ,
અવતરીયો નહીં આશું અચરજ, પોકારૂં કો પાસ. વારે.
જનની જનક જીવતાં નથી જગમાં, નથી મા જાયો વીર;
કલંક કાળું કપટે કલપી, ધર્યું મમ કેશરીશીર. વારે.
પતિ પરવશપણું પામ્યો પ્રેમે સજી પાપીનો સંગ;
મરણ શરણ મન મિસરી માનું, થવાથી ભવ સુખ ભંગ વારે.

૩૧

સુંદરબા—આવું વિશ્વનાથ તમ શરણે મરણે ઘેરાણી,
વારી વલોવી વિખ કાઢીયું સુર ઉર પ્રગટી ઝાળ;
કંઠ ધારી નિલકંઠ કહેવાણા એ ધારી આધાર. આવું.
સુશીલા—કુંદ ઇંદુ સમ દેહ દરશથી સતિ પતિ દીન દયાળ,
સંકટ સોશી શ્રૃવશે સુખડું ત્રિપુરારી તતકાળ
સુંદરબા..આવું.
મોંઘીબા—ભાલ બાલ વિધુ ધારી ખાલ ગજ સુરસરિ શિર વિશાળ
પાપ પુરવનાં હરી કરી પવિત્ર અવતરાવશે બાલ.
સુંદરબા..આવું.

૩૨

યોગી—સરકર ધર નીચે ખડો પારાધી બન કાલ,
પ્રાન પંખી તન તરૂ બસે શીર આજ જગ જાલ.
શિષ્યો—સંકટમેં સપડાય કે બંદા કયોં નિડર બન બેઠા હે?
દો બાજુસેં ભય હે તો કો પાપ પુંજમેં પેઠા હે. સંકટ.

ભવપતિ કો કર ભજન ભાવસેં, ભુરી ભવ ભય ભંજન હે;
પરાધિ અહિંસેં બાજ બાનસેં મારન હાર નિરંજન હે.

યોગી—તરૂણી વિષ વેલી વશ હોકે ફિર મગ્કટ કી નાંઇ:
જ્યોંહી નચાવે ત્યોંહી નાચતા, તાસેં સૂજત નાહીં.

શિષ્યો—ખટઅરિ ભવ રૂજ તાપ ત્રિવિધકે વ્હાસે તન મન ઘેર્યાં હે
વાલુ કે મંદિરમેં બસકે કયોં કહે અવાસ મેરા હે;

૩૩

યોગી—પહેલેં નહીંથી આ મીલી ગઇ ભોગ ભુગવાય;
ઈંદ્રીકો તૃષ્ણા બડી ફીર પિછે પસ્તાય.

શિષ્યો—માયા લોંડી બડી મોહની ઠગની બન ઠગતી;
ઉસકે પાસમેં આન પડે નર નહીં બનતી ભક્તિ;
વ્હો અહંકાર ઉપજાવે રાંડ વ્હેસી હે,
વ્હો બેટા બાપ લડાવે રાંડ વ્હેસી હે;
વ્હો ભૂમેં નાવ ડુબાવે રાંડ વ્હેસી હે,
સબ કહો મિલ લુચી લુચી લુચી લુચી;
આતી જબ અચ્છી લગતી,
ફીર ચલી ઉંચ યા નીચ ગીનેના સબસેં યોં કરતી. માયા.

૩૪

બુદ્ધિવંત—સાચવજે શાણા સેવક તું બાને જતન કરી,
પાપણુ રહેછે પ્રીતેં રતનનું જતન કરી;
એવી રીતે ધારી ચિતે અહોનિશ તું,
પશીનો પડે જ્યાં બાનો ત્યાં લોહીવાળી તું. સાચવજે.

સારથી—જાળવણી જીભ કરી કાને આ કહો,
દાંત ધરમ તજે ન તેનો એ ઉરે લહો;

સુંદરબા—ધાઓ ધાઓ દિલ દિલગીર ન થાઓ.

૩૫

સુશીલા } હાની હરી હરીએં હેતથી, (૨)
વીરજી } નીતિ નિહાળી ભાવ ભાળી પેર પાળી હેતથી. હાની.

સાધુ સ્વભાવી સતિ સુંદરબા અંગે,
તેર માસ દુઃખ સહી રહી સુખ ભંગે;
સુભક્ત માની બની સુખ દાની;
મન કેરી જ્ઞાની તન કેરી હાની. હરી હરીએં.

૩૬

કુશીલા—સુણી લાગી ઉર ઝાળ બાઇ મારીનું બુરૂં કાં બને;
આકાશ પાતાળ આપું કરી એક,
પહું પુરી હું એક સામે આવે અનેક;
ધારી કડવીના કામ માટ એવી મન ટેક,
ઘડું નિત નવા ઘાટ વાળું દુનિયાનો દાટ;
સુશીલા—વોય તારો બરો. ઉં-હું-હું-હું.

૩૭

કણબીની છોકરીઓ—તમે કેટલા ભાઇ કુંવારા રાજ અચકો મચકો કારેલી;

અમે ચાર ભાઇ કુંવારા રાજ. અચકો.
તમને કઇ બાઇ ગોરાં ગમશે રાજ; અચકો.
અમને લાધીબાઇ ગોરાં ગમશે રાજ; અચકો.
એવી કાળીને શું કરશો રાજ; અચકો.
એ કાળી કામણગારી રાજ; અચકો.

૩૮

કણબીઓ—માવા મહીની મટુકી મારી મેલને રે;
હીમે ખીમે લઇ જાઉં મારી હેલને રે. માવા.

માવા અમે મહિયારાં રાજા કંસનાં રે;
દાણ નહીં દઇ રે ગોરસનાં રે. માવા.

દાણુ લીધાની રીત નથી આવડી રે;
તું તો વેગે સરાવ વન ગાવડી રે. માવા.
પીવા મહીડાં તેડી જાઉં મોલમાં રે;
દુરીજન દેખે કાના ઓલમાં રે. માવા.
ગુરૂ ગાયે ગેમલ રથ ખેડહું રે;
પાસાં વળતાં તને સંગ તેડહું રે. માવા.

૩૯

ડાહલો—કચરો—ધન ધન દાડો આજ આવીઓ ધન મન દાડો આજ
ધણી નમકને હલાલ કરહું ધન ધન દાડો આજ.
હુંદરખાને લાવી બાંધહું પાણી પેલી પાઝ;
પુર આવતાં પડહે માથાં જીવ દઇ લેહું લાજ. ધન ધન.
જણુનારીની કુખ હોભાવા કરહું દોહેલાં કાજ;
ભેટો થાતાં ઝડપ કરહું જેમ તેતર માથે બાજ. ધન ધન.

૪૦

કડવી—મનડું મુંઝાય કાય કલેશથી કંપે અતિ,
જુલમી જલદ જોર ભેર વેગે વરસે વિપતિ;
નરસિંહ નહીં દે હામે હરવા, આવ્યો લઇ દળ હીમત હરવા;
ન માને ન માને નહીં પાછી ફોજ ફરતી. [૩] મનડું મુંઝાય.
ભીમજી ભટકયો રઝળ્યો રાજા, સજન સંતાપ્યા મેલી માજા,
તે પાપે તે શાપે તેની દાદ ભય ભરતી. મનડું મુઝાય.

૪૧

નરસિંહજી—ભજું ભવતારણુ તજી રાજ તાજ;
મિત્ર મારાને મળવા માટે સજું સન્યાસી સાજ. ભજું.
મીન જળ પેરે પ્રીતિ નિભાવી, કરૂં કલિત આ કાજ. ભજું.
તન તંબુર કરી તાર નસોના, માંહી મિત્ર અવાજ. ભજું.

૪૨

બુદ્ધિવંત ગઢવી } સહે સુખ દુઃખ સદા સહુ સંગ રચી રહે રૂડો રંગમાંરંગ
પત્ર પુષ્પ કદી ખરે ન ખુટે જડે ન જોતાં ભેદ,
બન્યા બિલોરે બુટા એવાં; મન મેળવિવિણ ખેદ સહે.
કોમળ કમળ મહીં વસનારી સુવાસ સમીર સાથ;
સ્વપચ્ય સદન સંગે સંચરશે, તજે ન ઝાલ્યો હાથ. સહે.
પુરણ પ્રીત પરસ્પર પ્રેમેં એવી ઉર ધરનાર;
સીધાવશે સુખે સહુ સાથે, સુરપતિને દરબાર. સહે.

૪૩

સુંદરબા—આ અબળાની વારેં દીન પોકારે,
જાગી જગપતિ દયાદિલ લાવો; આવો–આવો–આવો–ટેક.
પટકુળ પંચાળીતણાં, પુર્યાં સુણી પોકાર;
ઝુડ બળેથી હારીયા, ગજની કાપી વાર.
અનેક ઉધાર્યા કહું કેટલુંક એક મુખ;
આગમ નિગમ વાણી શેષ કહી શકે નહીં,
વિચારી-બિચારી-લાચારી-દયા-દિલે-લાવો-આવો-આવો-આ અબળા.
ધાયા અવિચળ ધ્રુવને કરવાને કીરતાર
હણીયો હિરણાકંસને સુણી પ્રહલ્લાદ પોકાર અનેક-આ. અબળા.

૪૪

કુંદનસિંહ-ધન્યધન્ય હજાર વાર ધરામાં તુજ સમી તરૂણી ન હશે;
વિરબાળા ન થઇ ન થશે. ધન્યધન્ય.
શેષ મહીં શિર પર જે ધારે, દિનકર પ્રચંડ કિરણ પ્રસારે;
જળદ જગતિપર વરસે ધારે, સહુ તુજ સમના સહ વડે. ધન્યધન્ય.

૪૫

સુંદરબા—સુખ સાધન સરવે મળી થયાં દગો દઇ દૂર;

દુઃખ દ્રષ્ટેથી દેખના રચ્યું કુર આ રૂર.

કુંદનસિંહ—ધર ધાર શિદ દિલગીર થાય સુણી હાય સહાય કરશે હરજી; (૨)

નહીં નિર નયન ભર ભીડ હરણ ભજ થઇ શે હાય હરી નરજી; ધર.

ઝળઝળ પ્રગટી ઝાળ ત્રિવિધ તે બુઝાવનારો બહુનામી;

તેને ભજ, દુઃખ તજ, સુખ શજ, સત રજ, તમ ત્રય સરજે એ સ્વામી.—ધર

૪૬

કુંદનસિંહ—મહેર કીધી મહેર કીધી ધરી નહીં ઉર મમ કૃતિ,

ધર્યું નિજ પદ જગપતિ દીધી દીકરી ને બેન સતિ મહેર.

શવરી તારી અધંમ ઉધારી, એમ મારી હરી વિનતિ વિચારી;

હરી સૌ હાની સેવક માની, પાપે ભરપુર ભરી દુરે મમ મતી કરી. મહે.

૪૭

કેશરી—કરણી કહું શું ભાવી તણી; રસના નવ શકે ગણી. કરણી ટેક.

ક્ષણે રડાવે ક્ષણે હસાવે ક્ષણે દોરાવે બ્રહ્મ ભણી. કરણી.

માની બનાવે રાય સરીખો ક્ષણમાં તે તજાવે;

દયાળુ બનાવે ક્ષણમાં ક્ષણમાંહી નિર્દય કરી;

દે કીરતિ અપકીરતિ ઘણી કરણી.

૪૮

કડવી—ભલા ભલા ભૂપતી ભમાવું ભ્રકુટી ભુરકીથી ભરીને,

વિષધર વેણી ડસાવી મોહ ફંદમાં ફસાવી;

સિંહ કટીથી સતાવું મન મૃગલાં વશ કરીને. ભલા.

વિમળ મતિ જોગી જતિ ભરી રતિ ભોગી કરૂં;

મારૂં-મીરો-ચીરો-પહેરવા ન રહું ડરીને. ભલા.

૪૯

સુંદરણા—હારી જગદીશ હું કૃતિ તુજ વિચારી,
પહોચે નહીં મતિ મારી. ટેક.
ક્ષણે તરણુને મેરૂ બનાવે, મેરૂ તરણા તુલ્ય;
કોડી કિંમત નહીં હીરાની, કાચ કરે અમુલ. હારી.
કસ્તુરી કાળી કરીને માંહે ધરી સુવાસ;
સોના માંહે સુગંધ ન મળે, છે અમથી ઉજાશ. હારી.

૫૦

નૌતમ—કુંજ બિહારી રજની સારી, કહો કયાં ગુજારી નારી નઠારી;
ધુતારીરે કહો કોણુ પ્યારી મળી. ટેક.
કાજળ રેખા કયાં કરી, કયાં ચાવ્યાં તંબોળ;
ક્યાં કીધી ઉજાગરે, આંખો રાતી ચોળ.
કયાં જઇ વસીયા કયાં જઇ હસીયા કયાં રસબસ થઇ,
રસીઆ ફસીયા, ડસીયારે કયાંથી અહીં રૂપે ભવઅરી.
શોણિત શિકર શાં શોભતાં દાડમ કળી સમ લાલ;
ક્યાં કપોળ કરડાવીયા, કહો કહો નંદલાલ.
ગુણ વિણુ માળા ઉર છોગાળા, ધારી ક્યાં કાન કાળા;
જોતાં હ્યાળારે, કરે ઉર જવાળા બળી.
રડવડતાં રજની બધી, વિતાવી વૃજનાથ;
પધારીયા પરભાતમાં, રમી રંગમાં રાત.
જાગ્યા ત્યાં જાઓ, અહીં શીદ આવો;
ભોગવી ત્યાં જઇ ભાવો, લાવો લેવરાવોરે;
ભાવીતી ભામાથી ભળી.

અંક ત્રીજો.

૫૧

ડાહ્યલો—જીવ હાટે સે જાણુ રે બાપલો જીવ હાટે સે જાણ,
સાળથી લુસી મખ પાણીડાં પગલે પુસી પાઇહ પાણીડાં;
હવે ન થાયે હાણરે.—બાપલો જીવ હાટે સે જાણ
આખે ડીલે અઢીવટો ઓઢાડું બપોરે ઝાડને છાંયે પોઢાડું;
તું થી સે અદકી તાણરે.—બાપલો જીવ હાટે સે જાણુ.

૫૨

દંભસેન—આખી ઉમર આ એળે વિતાવી;
તકદીર તાળાં તણી ન મળી ચાવી. ટેક.
ભાગીયે ભયથી તો શું કરે ભાવી,
જરૂર જુક્તિને જોવી તાવી;
કંચન નીકળે તો જાશું ફાવી,
પીતળ નીકળે તો આવી ને આવી. આખી.

૫૩

દંભસેન—બનશે બેડો પાર ઓળંગી આ ભવ પારાવાર;
ફરીરે કોની લાલચ નાંહી લગાર. ટેક.
હરદમ હુકમે હાજર રહેશે દીવાન દફતરદાર,
ખમાં ખમાં ખાંતેથી કહેશે છેલ ગણી છડીદાર;
કામણગારી કડવી કરથી પાશે પ્યાલા પ્યાર. ફરીરે.
કુંદન કેરૂં કાસળ કાઢી શરીર સજી શણગાર,
સિંહાસન શોભાવી થાશું સહુ શુરા સરદાર;
આતુર રેહેશે દુનિયા કરવા દંભસેન દેદાર. ફરીરે

૫૪

ભીમજી—કાંતિ કાંતિ કરૂં કપટથી કુડે કાળે કામે,
જેથી જગ કીરતિ જામે બહુ કુડ કપટથી;
વિત્ત મળે સત્યથી ન કોડી કામે. કાંતિ.
છકેલી નવેલી મળી સારી નારી મારી,
મુખ્ય મનોહારી ઢાળો નાંખે ભલાને,
હવે ન હારૂં હૈયે યુવા વયે હરદમ ફરૂં હામે. કાંતિ.

કેશરી—

૫૫

વામા વશ વરતે વડા જાણુ બની અણજાણ. [૨]
નીરખે નહીં નયનો થકી છો અનેક આવે હાણ,
ભાન ગુમાવે સાન ગુમાવે માન ગુમાવે મોટા;
નક્કી માન ગુમાવે મોટા,
સજ્જન સોબત તોડી થાતા વડાઈ છોડી છોટા. જાણ.
માતતાત સુતભ્રાત પરણીને શૂળી સમ મન માને,
અંધા શૂળી સમ મન માને;
જાર કર્મ કરનારા કામી કથન ધરે નહીં કાને. જાણ.

ચતુરાં—

૫૬

મરમર મારા રોયા આંધળારે ઘોડો હળવે હળવે હાંક,
બાળક મારો ચગદી માર્યો રઝળી પડી હું રાંક;
મદમાતા બહુ નીરખ્યા નજરે તુંથી આડો આંક. રોયા.

સ્વાર—આળ ઓઢાડી ગાળ શું આપે જીભ જરા તું ખાળ;

ચતુરાં—ફાંસી અપાવું ફાતડા ફાટયા તોજ ઓલાશે ઝાળ. રોયા.

કુંદનસિંહ—

૫૭

તેજસ્વી તરૂણ હશે કોણ અનુપ આ. (૨)
અજાકોટમાં કલિત કીરણમય,
ફણુંબી કરમાં રૂડા રતન રૂપ આ. તેજસ્વી.

સત્યા સત્ય ક્ષીર નિર નિવેરણ,
લખ્યો લલિત લાવણ્યમય રૂપ આ;
વિવેકી મરાલ માનસર અધિકારી.
શા કારણથી વર્યો આવો કૂપ આ. તેજસ્વી.

નવલ— ૫૮

જવા દે નેહે નૃપતિ બોલાવે છે. (૨) ટેક.
ભાવી ભવ્ય માનું મન ભાઈ, નેહે નૃપતિ બોલાવેછે,
વા'વા' પ્રભુએ મે'ર કીધી, (૨) શોદ રોકી સતાવેછે; (જાવાદે.) ભા.
લાહ્યા લક્ષે લે'ર લીધી, (૨) ભૂપ ભાવસુ ભાવેછે. (જવાદે.) ભાવી.

નૌત્તમ— ૫૯

વાહ શી છબી કલિત લલિત રઢીયાળી. (૨)
સુભગ સદન રૂડું વદન વિલોકી;
મદન મુરતિ થતી કાળી કાળી. છબી કલિત.
અનુપ સ્વરૂપ નિરખી નારી,
હિમત હારી વશ થનારી;
ઉરમાં ધારી, ગણુતી પ્યારી, લે સ્વીકારી, જાઉં હું વારી. છબી.
માન મુકે માનીની, મનન મુદ માય કાય;
ભવ્યતા ભુવન ભલી બાળી બાળી. છબી કલિત.

નૌત્તમ ૬૦

માળી મોટો (૨) સ્વામીરે જગત બાગ કીધો જેણે,
છોડ છોટો (૨) હું પામીરે યોવન પુષ્પ આપ્યું એણે;
પ્રકાશ પુરણ પામીયું, પરાગ મકરંદ પુર,
ભોગી ભ્રમર નવ ભેટીયો, નહીં નહીં પ્રગટે નૂર.
કરમાઇ (૨) જાશેરે વખત વીત્યે રહેતાં વિલું,
પછી બાઇ (૨) થાશેરે; પાકી ચાંચ પાક્યાં પીલું.

૬૧

નૌત્તમ—ફરી વદી ન વદજે વાણી,
વિદુમતિ—..................રે જાણી મેં જુક્તિ જાણી;
નૌત્તમ—....................................રહેપરી.
વિદુમતિ—શીદ સંતાડેછે શાણી,
નૌત્તમ—....... ....નહીં પીઉં નીતિ પાણી;
વિદુમતિ—...................................... કહેખરી.
નૌત્તમ—તન તજીું સત્ય ફિર સજુંું અન્ય નવ ભજુંું,
વિદુમતિ—રૂડી થા રાણી વદે નહીં; વાણી ભૂલી ગઇ ભાણી
નૌત્તમ—...... ....રહેપરી.
વિદુમતિ—વિસરી વાત કર પરી સમજ મન જરી,
નૌત્તમ—કુળરી કાણી વદી તું વાણી; સહુ સુળવાણી.
વિદુમતિ— ....કહેખરી.

૬૨

સખીયો—વાવારે ચાતુરી વાવારે આતુરી પ્રસાગેછો પુરી વાહવાહ.
નૌત્તમ—જાઓ જાઓ જાઓરે ધુતારા આ નઠારી ખારી વાતે હારી.
સખીયો—શી પ્રીતિ-શા રીતિ-શી નીતિ-શી ભીતિ-વાહવાહ. વાહરે
છુપાવો છળે છેલા છુપે ન કવિ કોવિદે કહેલી,
નૌત્તમ—હારી હું તો જાણું નહીં જારી કે વિજારી, તમે તો શૂરી
પૂરી વાહ.
સખીયો—........ ....વાહવાહરે.

૬૩

નૌત્તમ—આવી આ આડી ઉભી આળે રડાવે રાંડો. ટેક.
ઠાલી ભુલી દાસી હાંસી કરીને કરાવે ક્રોધ,
મનમાં મારૂં ન માને ગાળે, (૩) રડાવે રાંડો. આવી.
ભૂતથી ભમાવનારી દૂતથી ડરાવનારી,
વદી વદી વાણી વિકરાળે, (૩) રડાવે રાંડો. આવી.

સુંદરબા—પાજી રાંડો બાને રાજી રાખવાને બદલે રડાવો છો ?

સખીયો—માજી તજી રોષ રાજી રહો, ગાજી અજાણે શું પાજી કહો,
બાધી મુઠી માનજો લાખની, ખોલી ખરેખાત થઇ કાખની.

સુંદરબા-જાઓ જાઓ કોઇ દિવસ ભરમ ભરેલી વાત લાવશો નહીં.

નૌત્તમ—જો જો બા જગની દૂતી, સાસુને મૂકતી સૂતી;
ખાયે ધનવાનને ધુતી. ભુંસાવે અંગ ભભૂતિ (૩)

સુંદરબા—બેટા બહુ ન બોલીયે.

નૌત્તમ—ફૂઇબા એ કુબજાઓને કહેવામાં વાંધો નહીં.

સખીયો—કહોછો કુબજા કોને ?

સુંદરબા—આલી શીદ ચીડવે એને;
હવે બોલશો તો બાપુને કહી દઇશ.

નૌત્તમ—બાપુને કહેશો ન કાંઇ;

સુંદરબા—..............રાજી છો હૃદયા માંહી. (૩)

૬૪

ગઢવી } ધર્યો ભેખ વાતો બાવી નહીં મીન મેખ થાવી ટેક.
સુશીલા } સુકા ટુકા કદી વારી અહાર કે પ્રાસન કરી પવન. (અરેરે.)
ભટકતાં પણ માન્યાં ન મળ્યાં, આશ તજે નહીં મન. ધર્યો.
જાણ્યું જે કીરતિ મેળવી કોડે જગમાં થાશું જાણ. (અરેરે.)
ધારેલી મુરાદ ધુળ મળી ગઇ તેની તો રહી ગઇ તાણ. ધર્યો.
ભગવાં પહેરી ભભૂત ભુંસી ધર્યાં કમંડળ કર. (અરેરે.)
સેવ્ય સેવકોનું પાળવા પદ ન દિલમાં ધાર્યો ડર. ધાર્યો.

નૌત્તમ ને સખીયો— ૬૫
ચાલો ચાલો પુજવા પારવતિ નાથને. (૨)
નામી માથને જોડી હાથને, સાંધી સાથને ગાતાં ગાથને. ચાલો.
કુમકુમ અક્ષત કરમાં સાહી, કનક કુસુમ અરપો ચિત્ત ચાહી,

ષોડસ પ્રકાર પુજા કરીને, મંગળવર માગો મુદ ધરીને,
ત્રિપુરારી, વિષધરછો, ગંગધારી, અઘહરછો,
સ્મરારી સુખ કરછો, વદવાને એવી વાણી;
સ્વચ્છ અહીં કરે પાણી   પુજવા.

૬૬

સખીઓ–છે ધન્ય ધન્ય ઘડી આજ અમારી સરદારી તમારીથીરે. (૨)
નેહ ભર્યાં નિત નયન નીરખી પવિત્ર પ્રીતિને પૂરણ પારખી ;
હરદમ રહીશું હૈડામાં હરખી, (૩) લળી લાચારીથીરે. છે ધન્ય.
નૌત્તમ–ઉત્તમ ઇનામ આપી અહોનિશ, નયન પુતળી પેઠે પ્રમાણીશ ;
તાપથી તારીશ આપે ઉગારીશ. (૨) ભયની ભારીથીરે.
સખીઓ......................................છે ધન્ય.

૬૭

સુશીલા કેશરી—આતે શું આજે નીરખું નયન થકી,
ભાવી ગતિ ફરી આનંદી થાની.   ટેક.
શું સહુ સ્નેહીનો સાથ સજાવા ;
મુદસરી કેરી લહેરો આવી.   છે આજે.
અસત્ય સામે સત્ય સમરમાં ;
સુચવતુ ગયું જરૂર ફાવી.   છે આજે.

૬૮

કડવી—વળી ટળી ઉર હાની થઇ માની. (૨)
નહીં છાની, હતી બાની, (૨) નરપતિ રાણી અતિ ગુણ ખાણી ;
સૌ થકી શાણી જગતે જાણી.   ઉર હાની.
નિત સુખ માણી, લીધી લાણી, વિવેકી વાણીથી કરી પાણી ;
નિજ ગમ તાણી, જર ઘર છાણી, કહેવરાવું હું કુડી કાણી. ઉર હાની.

૬૯

કેશરી—મુનિ ભાન ભૂલ્યા છે નારી નેણ પાસ,
ભણેછે ગણેછે છતાં બની જાય દાસ. મુનિ.
દીસે નરક ખાણ સહુ અંગનામાંય ;
કુંદન કહી મુખ તેથી ફસાય. મુનિ.
ફરજ ઈશની એક પરણીની સાથ ;
તજી તેહ ઝાલે બીજી નારી હાથ. મુનિ.

૭૦

ભીમજી—જાઉં વારી વાલી હું પ્રીય તારા પરથી ઈ. હ. જાઉં.
બાપુ તેં બચાવી લીધો, મૃત્યુ મુખથી. ઈ. હ. જાઉં.

કડવી—કરવું ઘટે તે કર્યું તેમાં તારૂં નાવ તર્યું,

દુશીલા— ધન્ય બાઇ ઉર ધર્યું ઠીકાઠીક જરે હર્યું

કડવી—એવાં તો અનેક કર્યાં,

ભીમજી—સહુ કાજ તુંથી સર્યાં ;

દુશીલા—નીરખીને નેણ ઠર્યાં,

કડવી—સુઇ રેજા સેજે સુખે ;

ભીમજી—રહું સદા તારી રૂખે

દુશીલા—માનો મને સેવી કુખે ;

ભીમજી—ભલી કરી શાની હરી,

કડવી—બુરી કરી આવો કો જુઆ-કો ;
મુવા કો-આતે-છે શું ?

૭૧

સુંદરબા—આજ થાયરે સારાં શુકન અંગ ખરે થાય.
વામ અંગ ફરકે અતિ, સ્વપ્ના આવે શુભ ;
બહાર જતાં સામે મળી, કુમારી કોરે કુંભ.
શું સહુ સ્નેહી સંગે મળશું ; ભાવ ભરી ભોજનમાં ભળશું. સારાં.

શું તનય રૂડે રંગ આવી બેસશે ઉછંગ,
કરે ઢંગ ઉછરંગ અનેક એવા તરંગ.
શુકન સરવ મન મિથ્યા માની વળી ફરે ;
થઇને આશા ભંગ. થાયરે સારાં.

૭૨

નવલ—વાહ ભાવી તારી કૃતિ કો માતા-કો પિતા-કો ભ્રાતા-કો જ્ઞાત.
કોણે પાળીપોશી કીધો મોટો ધરી રતિ અતિ વાહ.
કોણ કરેછે પ્યાર કોડ ભર, ગ્રહી બાંહ્ય ધરી નિજ આસનપર ;
કૃતી જાણી રતિ આણી, આપી ઉત્તમ ઇનામ ધન ધન કહી અતિ. વાહ.

૭૩

નોત્તમ—છબીલા છેલા શાં શંકા ઉરે આણો,
નવલ—ભુલોમાં ભોળી ક્રોધે ભરાશે તો રાણો ;
નોત્તમ—નહીં ડરશો દિલમાં વ્હાલા,
નવલ.........................ઓશોમાં બોલો કાલા ;
નોતમ—શી ભીતિ-પ્રીતિની-રીતિમાં છે નીતિ અનીતિ અલબેલા ન જાણો. છબીલા.
નવલ—મહારાજાનો મત છે મુજ સમ,
નોત્તમ—અસત્ય ઓચરવાના છે સમ ;
નવલ—ભેટો ભાવે આનંદ આવે,
નોતમ—જઉં વારી બલિહારી ;
નવલ—વાહ પ્યારી મન હારી ;
નવલ નોત્તમ—વિચારી પ્રીતિને પરમાણો.

૭૪

નોત્તમ—ઘેલા આ વાતો શી કરો પે'લા વે'લી ઘેલી ;
નવલ—ચતુરાં ચુંબન દઇ સિધાવો, પ્રમદા પ્યારતણું પય પાઓ ;
નોતમ—ઠગારા-ધૂતારા-શે' ન્યારા.

નવલ............................સમ મારા-છે દારા.
નૌત્તમ...ઘેલા.
નવલ – માનો માનુની મારી.
નૌત્તમ........................હવે હું તમથી હારી;
નવલ—પુરો પ્યારી આશા મારી.
સિધાવો સુખે પ્યારી, રોકું ન હવે નારી;
નૌત્તમ—સ્વારથ સર્યો એટલે વૈદડો વેરીકે?
નવલ—ફરી શું મળશો નહીં થઇને નમેરીકે ?
નૌત્તમ—ઠગારા ધુતારા-રો ન્યારા. ઘેલા.

૭૫

નવલ } સંસાર સુધારશું પ્યાર પ્રસાગ્શું રે, એ-એ-એ.
નૌત્તમ } ઝીલી રસ તાલે, અતિ કલિત લલિત ચાલે;
સંગ હળી મળી લળી લળી આ વળી આનંદની ઉર ધારી;
પ્યારી જારી વિજારી નહારી વિહારી સંસાર.
તન મન ધન જન અરપી પ્યારે પરસ્પર,
નિરખી નયન નીતિ નિત નૂર ધરી;
હિત ઉર ભરી ચિત્ત પ્રીતિ રીતિ ધારી સારી;
વારી વારી બલિહારી માન વિસારી. સંસાર.

૭૬

સર્વ પાત્રો—દુઃખ દ્રષ્ટેથી દળી દળી, (૨)
વિપતિ વાદળ વેગે વિખેરીયું વાયુ વેશે;
જાણી નિજ જન, પતિત પાવન પ્રભુ,
અતિ આજ સુખ સાજ, આપી કાપી ક્લેશ;
થાપી નીત હરી ભીતિ પાળી પદ રીતિ. દુઃખ.
પાપે ભરેલો ઘડો ફોડી પ્રભુ, પુન્ય પ્રકાશિત કરી;
ઘરી બાંહ્ય સત્ય તણી, ગણ્યાએ ન તારી ગતિ,
કૃતિ રતિ અતિ સહુ હળી મળી નમીં લળી લળી. દુઃખ.

સમાપ્ત.